# સુરત મહાનગરપાલિકા
# યુસીડી વિભાગ

તા.૧૧/૧૦/૨૬ થી તા.૨૫/૧૦/૨૬ દરમ્યાન યોજાનાર "સ્વદેશી મેળા" (Shopping Festival) માં સ્ટોલ મેળવવા માટેનું

## અરજી ફોર્મ

અહી ફોટો લગાવવો

(૧) સ્વ સહાય જૂથ/ALF/CLF/શહેરી શેરી ફેરીયાનું નામ:-

.................................................................................................................................

(૨) સ્વદેશી મેળામાં ભાગ લેનાર અરજદાર/જૂથ/સભ્યનું નામ.......................................................

(૩) સરનામું :- ....................................................................................................

.................................................................................................................................

.................................................................................................................................

(૪)વોર્ડ નં. .......................................... ઝોન .........................................................

(૫) સંપર્ક નંબર :- ..........................................................................................

(૬) જુથનો નોંધણી નંબર :- ................................................નોંધણી તારીખ .......................

(૭) શહેરી શેરી ફેરીયાનો PMS નંબર :-............................... મેળવેલ લોનનો તબક્કો .................

(૮) સ્ટોલમા વેચાણ/પ્રદર્શન માટેની ચીજવસ્તુઓની વિગત:- .......................................................

.................................................................................................................................

**ફોર્મ સાથે રજુ કરવાના પુરાવાની વિગત.**

(૧) જુથનું નોધણી પ્રમાણપત્ર.(SHG એ રજુ કરવું)
(૨) મિલેટનું વેચાણ કરનાર SHGએ FSSAIનાં લાયસન્સની નકલ રજુ કરવી.
(૩) પી.એમ.સ્વનીધીનાં લાભાર્થીએ LOR અને FSSAIનું લાયસન્સ રજુ કરવું.

જૂથના પ્રમુખની સહી

અરજદારની સહી

જુથનો સિક્કો

## વર્ષ ૨૦૨૬ દરમ્યાન સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં યોજાનાર "સ્વદેશી મેળા" (Shopping Festival) માં ભાગ લેવા બાબતે સ્વ સહાય જૂથ/સભ્યો/શહેરી શેરી ફેરીયાઓએ અમલ કરવાના નીતિ-નિયમો

(૧) એક સ્વ-સહાય જૂથ દીઠ એક જ સ્ટોલ ફાળવવામાં આવશે.

(૨) સ્વ-સહાય જૂથ/ALF/CLFની સુરત મહાનગરપાલિકાના યુસીડી વિભાગમાં નોંધણી થયેલ હોવી જોઈએ.

(૩) પી.એમ.સ્વનીધી યોજના હેઠળ લોન મેળવેલ ફૂડ સ્ટ્રીટ વેન્ડર્સ લાભાર્થીઓ જ અરજી કરી શકશે.

(૪) નિયમોનુસાર જે સ્ટોલ ફાળવવામાં આવશે તે જૂથને /સભ્યને માન્ય રાખવાનું રહેશે.જે અંગે કોઈ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૫) ફાળવેલ સ્ટોલનો હવાલો અન્ય કોઈને બારોબાર સોંપી શકાશે નહી. તેમજ ફાળવેલ સ્ટોલમાં સ્વ-સહાય જૂથ/ALF/CLFના સભ્ય/ શહેરી શેરી ફેરીયા સિવાયની અન્ય કોઈ વ્યક્તિને બેસાડી શકાશે નહી.

(૬) સ્વદેશી મેળામાં સુરત મહાનગરપાલિકા ધ્વારા જણાવ્યા મુજબના સમયગાળા અનુસાર સ્ટોલ ચાલુ અને બંધ કરવાનો રહેશે. મેળાના દિવસો દરમ્યાન સ્ટોલ ખાલી હશે તો સ્ટોલનો કબજો પરત લઇ લેવામાં આવશે.

(૭) મેળામા ભાગ લેનાર અન્ય સ્ટોલના સભ્યો તથા આવનાર ગ્રાહકો સાથે કોઈપણ પ્રકારની તકરાર કરવી નહી.

(૮) મેળા અંગે વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ ધ્વારા આપવામાં આવનાર તમામ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) સુરત મહાનગરપાલિકાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવી કોઈપણ પ્રકારની વર્તુણક કરવી નહી.

(૧૦) મેળામા માલ-સામાનની સાચવણીની જવાબદારી જે તે સ્ટોલ ધારકની રહેશે.

(૧૧) માલ -સામાનનું ડિસ્પ્લે સ્ટોલની બહાર કે અન્ય સ્ટોલ ધારક કે જાહેર જનતાને અડચણ ઉભી થાય તેમ કરી શકાશે નહી.

(૧૨) સ્ટોલમાં /મેળાના સ્થળે જવલનશીલ પદાર્થ રાખી શકાશે નહી. તેમજ સ્ટોલમાં આગ તેમજ અન્ય આકસ્મિક ઘટના ન બને તે અંગે સંપૂર્ણ તકેદારી રાખવાની રહેશે.

(૧૩) સ્વ-સહાય જૂથ માંથી જો કોઈ એક લાભાર્થી જ સ્ટોલની માંગણી કરશે તો તે લાભાર્થીએ સ્વ-સહાય જૂથના હોદ્દેદ્દારોની સહમતી લેવાની રહેશે.

(૧૪) મેળા દરમ્યાન થયેલ દૈનિક વેચાણની વિગત યુસીડી વિભાગ સુરત મહાનગરપાલિકાને જણાવવાની રહેશે.

(૧૫) અનિવાર્ય સંજોગોમાં મેળાના સ્થળમાં ફેરફાર થાય / મેળાનું આયોજન સ્થગિત રાખવામાં આવે તો જૂથ/સભ્યોએ તે માન્ય રાખવાનું રહેશે.

(૧૬) મેળાના સ્થળે સ્ટોલ ધારકની ગ્રાહક/અન્ય વ્યક્તિ સાથે થતા ઘર્ષણને કારણે ઉભી થતી કાયદાકીય કાર્યવાહીની સમગ્ર જવાબદારી સ્ટોલ ધારકની રહેશે.

(૧૭) કુદરતી/આકસ્મિક ઘટનામાં સ્ટોલ ધારક કે તેઓના થયેલ નુકશાનની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહી.

(૧૮) સ્વદેશી મેળામાં વેચાણ કરવામાં આવનાર વસ્તુના સંદર્ભમાં જે તે ઓથોરીટી પાસે મંજુરી/પરવાનગી મેળવવાની જવાબદારી સ્ટોલ ધારકની રહેશે.

(૧૯) ખાણી-પીણીની ચીજ વસ્તુઓનું વેચાણ કરનાર SHGનાં સભ્યો, શહેરી શેરી ફેરીયાઓએ તમામ ચીજ વસ્તુઓ ચોખ્ખી અને ગુણવત્તા પ્રમાણે વેચાણ કરવાની રહેશે. તેમજ સુરત મહાનગરપાલિકા તેમજ સરકારશ્રીનાં ધારા ધોરણનું પાલન કરવાનું રહેશે.

(૨૦) અયોગ્ય વર્તુણક/ નિયમભંગના સંજોગોમાં મહાનગરપાલિકા તાત્કાલિક ધોરણે આપેલ સ્ટોલ પરત મેળવી અન્યને ફાળવી શકશે.

(૨૧) ફાળવેલ સ્ટોલ/જગ્યાના સ્થળે મહાનગરપાલિકા ધ્વારા પુરી પાડવામાં આવેલ તમામ સુવિધા જેવી કે પંખા,લાઈટ,સ્ટોલ વગેરેનું નુકશાન ન થાય તેની તકેદારી સ્ટોલ ધારકે રાખવાની રહેશે.

(૨૨) નિયત કરવામાં સ્ટોલની સંખ્યા કરતા વધુ અરજી મળે તે સંજોગોમાં જરૂર જણાયે સ્ટોલની ફાળવણી ડ્રો પદ્ધતિથી કરવામાં આવશે. જે તમામને માન્ય રહેશે.

(૨૩) સ્ટોલની સાફ-સફાઈની જવાબદારી જે તે સ્ટોલ ધારકની રહેશે.

ઉપરોકત તમામ નિયમ- સૂચનાઓ તથા મહાનગરપાલિકાના જે તે અધિકારી/કર્મચારી ધ્વારા સંચાલન સંબંધી જે સુચના આપવામાં આવે તે અમોને બંધનકર્તા રહેશે.

તા. / /૨૦૨૬ ........................................

સ્વ-સહાય જૂથના સભ્ય/હોદેદરો/શહેરી શેરી ફેરીયા ની સહી